॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સ્વાભાવિક ચેષ્ટા તથા નિત્ય નિયમ

પ.પૂ.ધ.ધુ.આ. શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની

આજ્ઞાથી

છપાવી પ્રસિદ્ધ કર્તા
મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર - ભુજ.

સં. ૨૦૬૭ પોષ સુદ ૧૫
તા. ૧૯-૦૧-૨૦૧૧
પ્રત :- ૫૦૦૦, આવૃત્તિ ૧૮



## સત્સંગ સેવક

ગામ બળદીયાના જેસાણી કરસનભાઈ જીણા રત્ના ધ.પ. રતનબાઈ, સુત ભીમજી ધ.પ. ધનબાઈ, પુત્રી રાધાબેન-પ્રેમીલાબેન-શરમીલાબેન, પૌત્ર ઉમંગ ધ.પ. દીના, પૌત્ર દેવેશ, પૌત્રી ફાલગુની.

અ.નિ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી તથા અ.નિ. સ.ગુ. પાર્ષદ કોઠારી સામજી ભગતના સ્મૃત્યર્થે તથા અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી પતિતપાવનદાસજીની પંચાહ પારાયણ કથાની સ્મૃતિ નિમીત્તે સાદર સમર્પણ.



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## પ્રાર્થના

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,
ત્રાતા તમે સકલ મંગલ શાંતિ દાતા;
માટે તમારૂં કરૂણાનિધિ સત્યનામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ ॥૧॥

અજ્ઞાન પાશ કરૂણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ ॥૨॥

જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમા બ્રહ્માંડ કોટી ફરે ।
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષર ધામના અધિપતિ શ્રીસ્વામિનારાયણ. ૩



આવી અક્ષર ધામથી અવનિમાં જે દેહ ધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દીલે ધરીને દયા ।
કીધાં ચારૂ ચરિત્ર ગાન કરવા જેણે કરૂણા કરી,
વંદુ મંગળ મુરતિ ઉર ધરી સર્વોપરી શ્રીહરિ ॥૪॥
જન્મ્યા કૌશળ દેશ વેષ બટુનો, લૈ તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સદ્‌ધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા ।
મોટાં ધામ રચી રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અન્તર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી ।૫।
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ ! ॥૬॥
નિજાશ્રિતાનાં સકલાર્તિહંતા, સધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં,તનોતુ કૃષ્ણોખિલમંગલં નઃ ।

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી,
ધોઉં કર ચરણ કરો ત્યારી. જમો૦ ૧
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી,

કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી. જમો૦ ૨
કરી કાઠા ઘઉંની પોળી,
મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી. જમો૦ ૩
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી,
દૂધપાક માલપુવા કઢી;
પુરી પોંચી થઈ છે ઘીમાં ચઢી. જમો૦ ૪
અથાણાં શાક સુંદર ભાજી,
લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી. જમો૦ ૫
ચળુ કરો લાવું જળ ઝારી,
એલચી લવીંગ સોપારી;
પાન બીડી બનાવી સારી. જમો૦ ૬
મુખવાસ મનગમતા લઈને,
પ્રસાદી થાળ તણી દઈને;



બેસો સિંહાસને રાજી થઈને. જમો૦ ૭
કમરે કસીને રેંટો, રાજેશ્વર બાંધીને ફેંટો;
ભૂમાનંદના વ્હાલા ભેંટો. જમો૦ ૮

## મંગળા આરતી - રાગ ભૈરવ

આરતી ઉમંગ સહિત મંગળા ઉતારૂં,
મંગળમય મૂર્તિપર તન મન ધન વારૂં. આ૦ ૧
મંગળમય મંડપમેં રાજત દોઉ ભાઈ,
નારાયણ નર સમેત સંતન સુખદાઈ.. આ૦ ૨
મંગળમય મુનિવર સબ મંગળ ગુણ ગાવે,
મંગળમય સબ સમાજ બરન્યો નહિ જાવે. આ૦ ૩
મંગળમય દરશ કરત સતી સમાજ આઈ,
મુક્તાનંદ મંગળમય પ્રભુ પદ બલ જાઈ. આ૦ ૪

## શણગાર આરતી

જય સદ્ગુરુ સ્વામી, જય સદ્ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ,(૨) બળવંત બહુનામી. જય૦ ૧
ચરણસરોજ તમારાં વંદુ કર જોડી; ચરણે શીશ



ધર્યાથી,(૨) દુઃખ નાખ્યાં તોડી. જય૦ ૨
નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુધારી;
પામર પતિત ઉદ્ધાર્યા,(૨) અગણિત નરનારી. જ૦
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવીનાશી;
અડસઠ તીરથ ચરણે,(૨) કોટી ગયા કાશી. જય૦ ૪
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે;
કાળ કર્મથી છૂટી, (૨) કુટુંબ સહિત તરશે. જય૦ ૫
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી;
મુક્તાનંદ કહે મુક્તિ,(૨) સુગમ કરી સીધી. જય૦

## રાજભોગ આરતી

રાજભોગકી કીજે આરતી શ્રી રાજભોગકી કીજે,
નિરખીબદન શ્રીપતિકો સુંદર, જન્મસુફળ કરી લીજે.આ
કંચન થાળ કપુરકી બાતી, ઘૃતજીુત અનળ પ્રજારી,
અગ્ર ધુપકું કરત આરતી, થઈ શોભા અતિ ભારી. આ
ધનન ધનન ઘંટા ધુની હોવત, શંખ ઝાલરી વાજે,
નોબત બજત મનહું ઘન ગર્જત, ધ્વની સુની ત્રિભુવન ગાજે. આ૦ ૩



સોહે નીરાજન જીુત શ્રીપતિ મુખ, સબવિધિ શોભાધામ,
મુકતાનંદ કે નાથકી છબીપર, વારૂં કોટિક કામ.આ૦૪

## સંધ્યા આરતી પદ-૧

આરતી પ્રગટ પ્રભુજી કી કીજે,
ચરણકમલ લખી અંતર લીજે. આ૦ ૧
સનકાદિક નારદ ત્રિપુરારી,
વિમલ નામ રટે વારમવારી. આ૦ ૨
અનંત કોટી ભુવનેશ ભવાની,
સબવિધિ મહિમા શક્ત નહી જાની. આ૦ ૩
ધરત ધ્યાન દ્રઢ જોગ મુનીશ્વર,
શેષ સહસ્ર મુખે રટત નિરંતર. આ૦ ૪
નર નાટક ક્ષર અક્ષર ન્યારા,
પુરુષોત્તમ પુરણ જન પ્યારા. આ૦ ૫
નૌતમ રૂપ અકળ છબી ન્યારી,
બ્રહ્માનંદ જાવત બલિહારી. આ૦ ૬

## શીતલ આરતી

શીતલ આરતી કીજે, શ્રીકૃષ્ણકી શીતલ આરતી કીજે.
શોભાધામ શ્યામમુખ નિરખત, જન્મ સુફળ કરી લીજે.
અગ્રબાતી ઘૃતબાતી અનુપમ, સો પાવકસેં પ્રજારી;
અંગોઅંગ ભૂષન મની ઝળકત,ભઈ શોભા અતિભારી,
સુરનર મુનિ સબ આયે દરશ હિત, બોલત જય જય બાની;
મધુર મધુર બાજીંત્ર બજાવત, હોવત ધુની સુખદાની,
શ્રીઘનશ્યામ પીયા છબી નિરખત,આનંદ ઉર ન સમાવે
મુક્તાનંદ મદનમોહન પર, વાર વાર બલજાવે.

## ધૂન્ય

રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ !
હરે રામ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ !
નારાયણ ! હરે ! શ્રીમન્નારાયણ ! હરે !
શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે
કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે
જય જય કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે



વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે
જય જય વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે
વાસુદેવ ગોવિન્દ જય જય વાસુદેવ ગોવિન્દ
જય જય વાસુદેવ ગોવિન્દ જય જય વાસુદેવ ગોવિન્દ
રાધે ગોવિન્દ, જય રાધે ગોવિન્દ (૨)
વૃન્દાવનચન્દ જય રાધે ગોવિન્દ (૨) માધવ મુકુંદ
જય માધવ મુકુન્દ (૨) આનંદકન્દ જય માધવ મુકુન્દ
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

ત્યાર બાદ ‘સ્વામિનારાયણ’ નામની ધૂન્ય પાંચથી દશ મિનિટ સુધી તાડી પાડીને ઉચ્ચે સ્વરે કરવી. પછીથી નીચેનો અષ્ટક બોલવો.

## શ્રીરાધિકાકૃષ્ણાષ્ટકમ્

નવીનજીમૂતસમાનવર્ણં રત્નોલ્લસત્કુંડલશોભિકર્ણમ્ ।
મહાકિરીટાગ્રમયૂરપર્ણં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ।૧।
નિધાય પાણિદ્વિતયેન વેણું નિજાધરે શેખરયાતરેણુમ્ ।



નિનાદયન્તં ચ ગતૌ કરેણું શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ।૨।
વિશુદ્ધહેમોજ્જવલપીતવસ્ત્રં હતારિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ।૩।
અધર્મતિષ્યાર્દિત સાધુપાલં સદ્ધર્મ વૈરાસુર સંઘકાલમ્ ।
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ।૪।
ગોપીપ્રિયારમ્ભિત રાસ ખેલં રાસેશ્વરી રંજનકૃત્ પ્રહેલમ્ ।
સ્કન્ધોલ્લસત્કુંકુમચિહ્નચેલં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ।૫।
વૃન્દાવને પ્રીતતયા વસન્તં નિજાશ્રિતાનાપદઉદ્ધરન્તમ્ ।
ગોગોપગોપીરભિનંદયન્તં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ।૬।
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં સંસારિ જીવાશ્રયણીયસારમ્ ।
સદૈવ સત્પુરુષસૌખ્યકારં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ।૭।
આનન્દિતાત્મવ્રજવાસિતોકં નન્દાદિસન્દર્શિત દિવ્યલોકમ્ ।
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ।૮।

## પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ ।
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ ।૧।
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર ।



દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર ।।૨।।
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય ।
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ।।૩।।
નાથ નિરંતર દર્શતવ, તવ દાસનકો દાસ ।
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ ।।૪।।
હે કૃપાળુ ! હે ભક્તપતે !, ભક્તવત્સલ ! સુનોબાત ।
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ।।૫।।
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ ।
તાકું હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ ।।૬।।
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય ।
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય ।।૭।।
હિંસા ન કરની જંતુકી, પરત્રિયા સંગકો ત્યાગ ।
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ્ય ।।૮।।
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત ।
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત ।।૯।।
નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત ।
વિમુખ જીવકે વદનસેં, કથા સુની નહિ જાત ।।૧૦।।

એહી ધર્મ કે નિયમમેં, બરતો સબ હરિદાસ ।
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ ।૧૧।
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત ।
પ્રેમાનંદ કે ધામમેં, જાઓ નિઃશંક જગ જીત ॥૧૨॥

## પ્રાર્થના

સુણો સદ્‌ગુરુ વિનંતિ મોરી, આવ્યો હું શરણમાં તોરી,
મ્હેર કરોજી અબકી વેળા, મટાડો ચોર્યાસી ફેરા. ૧
પતિતપાવન બિરુદ સંભાળો, એક પતિતનાં દુઃખ નિવારો,
સર્વે પતિતમાં હું બહુ પાપી, વિષય વિલુબ્ધને ધર્મ ઉથાપી.
એવા અવગુણ મુજમાં ભારી, તે તમો જાણો દેવ મુરારી,
અશરણ શરણ બિરુદ સંભાળો આવ્યો શરણે ફેરો ટાળો
ફરી ફરીને કાયો સ્વામી, બહુ દુઃખ પામ્યો અંતર જામી,
હું હું કરતાં ન મળ્યા હરિ, જઈ ભોગવી ચોર્યાશી ફરી.
મત પંથમેં સર્વે જોયા, સત્સંગ વિના સર્વે વગોવ્યા;
એવા મતતો જગમાં બહુ, સમજણ વિના ભૂલ્યા સહુ.
એ સમજણ સદ્ગુરુઓની પાસ, સંત મળે તો થાય પ્રકાશ;



એવા સંત તો ત્યારે મળે, જ્યારે શ્રીહરિ કૃપા કરે. ૬
મુજ પર વ્હાલે કીધી મ્હેર, મેલ્યું મહાજન મારે ઘેર;
તેણે આવી કહ્યું એમ, આવો અવસર ભૂલ્યો કેમ. ૭
ત્યારે કહ્યું જે સુણો જગદીશ, મુજને વળગ્યું માયા વિષ;
ત્યારે કહ્યું જે વચન જ માન, અમે દઈએ તુજને જ્ઞાન.
સ્વામી પ્રગટ્યા પૂરણ બ્રહ્મ, તું જઈ લેને તેનું શરણ;
જન્મ મરણ તો છુટીશ ત્યાંય, ને બીજે કુશળ નથી ક્યાંય
દારૂ માટી ચોરી અવેરી, વટલવું વટલાવવું નહિ;
અમારાં પાંચ વર્તમાન તું હૃદે ધરજે, પછી કહીએ તેવું કરજે.
તો ઈશ્વરની થાશે મહેર, જાશે જમડા ટળશે ફેર;
ત્યારે થાશે આનંદ ભારી, બ્રહ્મમહોલની ઉઘડશે બારી.
તેમાં જઈ તું સુખે રહેજે, મુખે નામ નારાયણનું લેજે;
બ્રહ્મમહોલમાં સુખ અપાર, તેનો કહેતાં ન આવે પાર.
હવે ન જઈએ વહેતા પુર, સ્વામી મળ્યા પ્રગટ હજુર;
જયરામ દાસ કહે મળીયા રામ, ત્યારે સર્યાં અમારાં કામ.



## ॥ વચનામૃતમ્ ॥

સંવત્ ૧૮૭૬ના માગશર સુદિ ૯ નવમીને દિવસ શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ''આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન અને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાનાં હિતકારી માને છે અને દુઃખ નથી લગાડતો, તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટ્યપને પામે છે અને જે અવિવેકી છે તે તો જેમ જેમ સત્સંગ કરે છે અને



સત્સંગની વાત સાંભળે છે તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે. અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે. અને વાતના કરનારાનો અવગુણ લે છે તે તો દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈજાય છે. માટે પોતાને વિષે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન અને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે અને સત્સંગમાં મોટ્યપને પામે છે.'' ઈતિ વચનામૃતમ્ ॥૬॥

આ વચનામૃતનું મનન કરીને પોતાના ગુણનું માન તજી દેવું અને સત્સંગીઓને વિષે ગુણ પરઠવો અને પોતાને વિષે અવગુણ પરઠવો, કોઈ હીતનું વચન કહે તેને સવળું સમજવું. ભગવાન અને તેમના સંતનો દૃઢ વિશ્વાસ રાખવો.

## શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટાનાં પદો

### રાગ ગરબી પદ - ૧

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શિશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાવું. ૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાઇ વનને. ૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે. ૩
સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બીક મટાડે જમની. ૪
ગાવું હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી. ૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઇ ફેરવે ત્યારે. ૬
રમૂજ કરતા રે, રાજીવ નેણ રૂપાળા;



કોઇ હરિજનની રે, માગી લઇને માળા. ૭
બેવડી રાખી રે, બબે મણકા જોડે;
ફેરવે તાણી રે, કંઇક માળા તોડે. ૮
વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા. ૯
ક્યારેય મીંચી રે, નેત્ર કમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી. ૧૦

### પદ – ૨

સાંભળ સૈયર રે, લીલા નટ નાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખ સાગરની. ૧
નેત્ર કમળને રે, રાખી ઉઘાડાં ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે. ૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતાં જીવન રે, જન્મ મરણ દુઃખ ભાગે. ૩
પોતા આગળ રે, સભા ભરાઇ બેસે;
સંત હરિજન રે, સામું જોઇ રહે છે. ૪



ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે. ૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજાં;
તેમને જોઇને રે, મગન થાય મહારાજા. ૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નિરખી રાજી થાય. ૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઇ વનમાળી. ૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે. ૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદનો સ્વામી. ૧૦

### પદ – ૨

મનુષ્ય લીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે, બેઠા ભવભય હારી. ૧
જેને જોતાં રે, જાયે જગ આશક્તિ;



જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ. ૨
તે સંબંધી રે, વાર્તા કરતા ભારી;
હરિ સમજાવે રે, નીજ જનને સુખકારી. ૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાન્ત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત. ૪
ક્યારેક હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે,પૂજા બહુવિધ લાવે. ૫
જાણી પોતાના રે, સેવક જન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી. ૬
ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ. ૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નીજ જનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઇન્દ્રિય મનને. ૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઇ હરિજનને રે, તેડવો હોય પાસ. ૯
પહેલી આંગળી રે, નેત્ર તણી કરી સાન;

પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન. ૧૦

પદ – ૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી. ૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે. ૨
શીતળ જાણી રે, લીબું હાર ગુલાબી;
તેને રાખે રે, આંખ્યું ઉપર દાબી. ૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોય;
વાતો કરે રે, કથા વંચાય તોય. ૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઇક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઇ ત્યારે. ૫
હાર ચડાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે. ૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઇ ડોલે. ૭



ભાન કથામાં રે, બીજી ક્રિયા માંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય. ૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઇ બેની. ૯
એમ હરિ નિત નિત રે, આનંદ રસ વરસાવે;
એ લીલા રસ રે, જોઇ પ્રેમાનંદ ગાવે. ૧૦

પદ – ૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મુરારી;
કરે ચરિત્ર રે,મનુષ વિગ્રહ ધારી. ૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજ જનને સુખ દેવા. ૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણ કામ. ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે. ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકીયો ભાળી;



તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી. ૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઇને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઇને. ૬
ક્યારેક રાજી રે,થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી. ૭
ક્યારેક માથે રે,લઇ મેલે બે હાથ;
છાતી માંહે રે, ચરણ કમળ દે નાથ. ૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરિધારી;
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી. ૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્ત તણા પ્રતિપાળ. ૧૦

પદ – ૬

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી. ૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે. ૨



છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઇને;
છીંક ખાય રે, મુખ પર આડો દઇને. ૩
રમુજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઇ સુખધામ. ૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ. ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખ હારી રે, વારી બહુ નામીનો. ૬
કોઇને દુઃખીયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય. ૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરૂણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે. ૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી. ૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વાલો રે, પ્રેમાનંદનો હેલી. ૧૦

પદ – ૭

નિત નિત નૌત્તમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય. ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વ્હાલે. ૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે. ૩
ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી. ૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ. ૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ. ૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં. ૭
પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જ્યારે;



દાતણ કરવા રે, ઉઠે હરિ તે વારે. ૮
નાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે વનમાળી. ૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુએ. ૧૦

પદ – ૮

રૂડા શોભે રે, નાહીને ઉભા હોય;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે. ૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારીપેઠે તાણી. ૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વ્હાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે. ૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા. ૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી. ૫



જમણા પગને રે, રાખી ઉભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ. ૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ. ૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા. ૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે. ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ. ૧૦

પદ – ૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે,સળી રૂપાની લઈને. ૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે. ૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;



ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો. ૩
વર્ષાઋતુને રે, શરદઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી. ૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ. ૫
બહુ જળ ક્રિડા રે, કરતા જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય. ૬
ન્હાઈને બારે રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગ લહેરી. ૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે. ૮
ગઢપુરવાસી રે, જોઈને જગ આધાર;
સુફળ કરેછે રે, નેણાં વારંવાર. ૯
આવી બિરાજે રે, ઓસરીએ બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

પદ – ૧૦

નિજ સેવકને રે, સુખદેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ. ૧
ફળિયા માંહિ રે, સભા કરી બીરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે. ૨
બ્રહ્મરસ વરસે રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને. ૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે. ૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત ફેરવે ચિત્ત દઈને. ૫
ભુલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ. ૬
ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય. ૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;



કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ. ૮
એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર. ૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે.૧૦

રાગ : ગરબી પદ-૧

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા.૧
ચિહ્ન અનુપમ અંગો અંગનાં, સુરતે સંભારૂં વ્હાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારૂં વ્હાલા. ૨
અરૂણ કમલસમ જુગલચરણની, શોભા અતિસારી વ્હાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા. ૩
પ્રથમ તે ચિંતવન કરૂં, સુંદર સોળે ચિહ્ન વ્હાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા. ૪
અંગુઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મનભાવી વ્હાલા. ૫



જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા. ૬
અષ્ટકોણ ને ઉર્ધ્વરેખા, સ્વસ્તિ જાંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ ને કેતુ પદ્મ, જમણે પગે નવ વ્હાલા. ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ્ય ને મીન વ્હાલા;
અર્ધ ચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા. ૮
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા.૯
એ જ અંગુઠાની પાસે,તિલ એક નૌતમ ધારૂં વ્હાલા;
પ્રેમાનંદ કહે નિરખું પ્રીતે, પ્રાણ લઈ વારૂં વ્હાલા. ૧૦

રાગ : ધોળ પદ- ૧

હવે મારા વહાલાને નહિ રે વિસારું રે;
શ્વાસઉચ્છવાસે તે નિત્ય સંભારું રે. ૧
પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે;
હવે હું તો કેમ કરી રાખીશ છાનુંરે. ૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે;



એ વર ન મળે ખરચે નાણું રે. ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે;
એ સ્નેહ લગ્ન વિના નવ આવેરે. ૪
દુરીજન મન રે માને તેમ કહેજો રે;
સ્વામી મારા હદીયાની ભીંતર રહેજો રે. ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે;
મળ્યા મુને નિષ્કુળાનંદનો સ્વામી રે. ૬

પદ – ૨

હવે મારા વહાલાનાં દર્શન સારૂં;
હરિજન આવે હજારે હજારૂં. ૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી;
પૂરણ પુરૂષોત્તમ અંતર જામી. ૨
સભા મધ્યે બેઠાં મુનિનાં વૃંદ;
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચન્દ. ૩
દુર્ગપુર ખેલ રચ્યો અતિ ભારી;
ભેળા રમે સાધુ ને બ્રહ્મચારી. ૪

તાળી પાડે ઉપડતી અતિસારી;
ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી. ૫
પાઘલડીમાં છોગલીયું અતિ શોભે;
જોઈ જોઈ હરિજનનાં મન લોભે. ૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશી;
સહજાનંદ સ્વામી અક્ષરધામના વાસી. ૭
ભાંગી મારી જન્મો જન્મની ખામી;
મળ્યા મુને નિષ્કુળાનંદનો સ્વામી. ૮

## રાગ-બિહાગ

પોઢે પ્રભુ સકલ મુનિકે શ્યામ, નરનારાયણ દિવ્ય મુરતિ;
સ્વામિનારાયણ દિવ્ય મુરતિ, સંતનકે વિશ્રામ. પોઢે ૧
અક્ષર પર આનંદ ઘન પ્રભુ, કિયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા, લહત અક્ષર ધામ.પો.૨
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ;
જાસ પદરજ શીષ ધરી ધરી, હોત જન નિષ્કામ. પોઢે.૩
પ્રેમકે પર્યંકપર પ્રભુ, કરત સુખ આરામ;



મુક્તાનંદ નિજ ચરણ ઢીગ ગુણ, ગાવત આઠું જામ. પો.

## રાગ- ગરબી

પોઢો પોઢો સહજાનંદ સ્વામી,
અખિયાંમાં નિંદરા ભરાણી રે. પોઢો૦ ૧
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે,
પછી તમે બનાતની ટોપી ધારો રે-પોઢો૦ ૨
હાંરે તમે જરકસી જામો ઉતારો રે,
પછી શાલ દુશાલા ઓઢો રે-પોઢો૦ ૩
હાંરે તમે કેડનો પટકો છોડો રે,
પછી હીરકેરી ધોતી ધારો રે-પોઢો૦ ૪
હાંરે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,
હું તો જોઈ જોઈ આનંદ પામી રે;
પોઢો પોઢો સહજાનંદ સ્વામી. ૫

## રાગ : ગરબી પદ - ૧

રે શ્યામ તમે સાચું નાણું,
બીજું સર્વે દુઃખદાયક જાણું. રે શ્યામ૦ ૧



રે તમ વિના સુખસંપત કહાવે,
તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ ન આવે. રે શ્યામ૦ ૨
રે મૂરખ લોક મરે ભટકી,
જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મન વૃત્તિ અટકી. રે શ્યામ૦ ૩
રે અખંડ અલૌકિક સુખ તારૂં,
તે જોઈ જોઇ મન મોહ્યું મારૂં;
ધરા ધન તમ ઉપર વારૂં. રે શ્યામ૦ ૪
રે બ્રહ્માથી કીટ લગી જોયું,
જુઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું. રે શ્યામ૦ ૫

## રાગ : ગરબી પદ - ૧

વંદુ સહજાનંદ રસરૂપ,
અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ,



કરે ભવ પારને રે લોલ.૧
સમરૂં પ્રગટ રૂપ સુખધામ,
અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ,
ભજે તજી કામને રે લોલ. ૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર,
પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય,
નિગમ નેતિ કહે રે લોલ. ૩
વર્ણવું સુંદર રૂપ અનુપ,
જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ,
રહો ઉરમાં રમીરે લોલ. ૪

### પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ કે,
જોઉં તારી મુરતિ રે લોલ;

જતન કરી રાખું રસિયારાજ,
વિસારું નહિ ઉરથી રે લોલ. ૧
મન મારૂં મોહ્યું મોહનલાલ,
પાઘલડીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ,
ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ. ૨
વહાલા તારૂં ઝળકે સુંદર ભાલ,
તીલક રૂડાં કર્યાં રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ,
તેણે મનડાં હર્યાં રે લોલ. ૩
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ,
કારજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ કે,
ચિત મારાં ચોરીયાં રે લોલ. ૪

પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ,



વાલપ તારા વાલમાં રે લોલ;
મન મારૂં તલપે જોવા કાજ,
ટીબકડી છે ગાલમાં રે લોલ. ૧
વહાલા તારી નાસિકા નમણી નાથ,
અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરૂં કુરબાન,
જોયા જેવી ચાલ છે રે લોલ. ૨
વહાલા તારા દંત દાડમનાં બીજ,
ચતુરાઈ ચાવતા રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ,
મીઠું મીઠું ગાવતા રે લોલ. ૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત,
બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારૂં પ્રેમસખીના નાથ કે,
તમ કેડે ભમે રે લોલ. ૪



પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ,
રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારૂં મનડું મળવા ચ્હાય કે,
જાય ચિતડું ચળીરે લોલ. ૧
વહાલા તારી જમણી ભુજાને પાસ,
રૂડાં તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તીલ એક,
અનુપમ સાર છે રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર,
જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન,
જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ. ૩
રસિયા જોઈ તમારૂં રૂપ,
રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ,



સુંદરવર છેલડા રે લોલ. ૪

પદ-૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ,
જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતા લાલ,
આવોને મારે બારણે રે લોલ. ૧
વહાલા તારી આંગળીઓની રેખા,
નખમણી જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી,
કહું નહિ કોઈને રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ,
જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય,
જાણું જે હમણાં મળો રે લોલ. ૩
વહાલા તારૂં ઉદર અતિ રસરૂપ,
શીતળ સદા નાથજી રે લોલ;

આવો ઓરા પ્રેમસખીના પ્રાણ,
મળુ ભરી બાથજી રે લોલ. ૪

પદ-૬

વહાલા તારી મુરતિ અતિ રસરૂપ,
રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર,
છાશ તે નવ પીવે રે લોલ. ૧
વહાલા મારે સુખ સંપત તમે શ્યામ,
મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવન પ્રાણ,
હસીને બોલાવતા રે લોલ. ૨
વહાલા તારૂં રૂપ અનુપમ ગૌર,
મૂરતિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારૂં જોબન જોવા કાજ,
કે ચિત્ત ચરણે નમે રે લોલ. ૩
આવો મારા રસિયા રાજીવ નેણ,



મરમ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ,
મંદિર મારે ડોલતા રે લોલ. ૪

પદ - ૭

વાલા તારૂં રૂપ અનુપમ નાથ,
ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોવું સુંદર છેલ,
આવોને ઓરા અમ ભણી રે લોલ. ૧
વાલા તારી નાભિ નૌતમ રૂપ,
ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય,
કે મનરંગ ચોળ છે રે લોલ. ૨
વાલા તારી જંઘા જુગલની શોભા,
મનમાં જોઈ રહું રે લોલ;
વાલા નિત્ય નીરખું પીંડી ને પાની,
કોઈને નવ કહું રે લોલ. ૩



વાલા તારા ચરણ કમલનું ધ્યાન,
ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ,
રાખું મારા ચિત્તમાં રે લોલ. ૪

પદ-૮

વાલા તારાં જુગલ ચરણ રસરૂપ,
વખાણું વહાલમાં રે લોલ;
વાલા અતિ કોમળ અરુણ રસાળ,
ચોરે ચિત્ત ચાલમાં રે લોલ. ૧
વાલા તારે જમણે અંગુઠે તિલ,
કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વાલા છેલી આંગળીયે તિલ એક,
જોવાને મન દીન છે રે લોલ. ૨
વાલા તારા નખની અરુણતા જોઈ,
શશીકળા ક્ષીણ છે રે લોલ;
વાલા રસચોર ચકોર જે ભક્ત,



જોવાને પ્રવિણ છે રે લોલ. ૩
વાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત,
રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી,
દેજો દાન દાસને રે લોલ. ૪

રાગ : ગરબી : પદ-૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવીયા રે, સુંદર છોગાંવાળો છેલ. ૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ. ૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાખળીયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહો ને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. ૫

પહેરી પ્રીતશું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેંટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમુલ્ય;
કોટિક રવિ શશિ રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. ૯

પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત. ૪



સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયનની કોર. ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણા કંદ. ૬
અદ્ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપૂર;
અંગો અંગમાં રે, જાણે ઉગીયા અગણીત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

પદ-૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન. ૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાંતો જોયાની છે જુક્ત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ. ૩



અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ. ૯

પદ-૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનૂપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ. ૧
સહુ હરિભક્તને રે,જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨



સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ. ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર. ૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારા નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ. ૬
નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ. ૭
શોભે સંતમાં રે, જેમ કોઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનનાં કાજ. ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯

॥ શ્રી જનમંગલ સ્તોત્રમ્ ॥

નમો નમઃ શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંગ જાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥

સુગંધપુષ્પહારાદ્યૈર્વિવિધૈરૂપહારકૈઃ ।
સમ્પૂજીતાય ભક્તૌઘૈઃ સિતામ્બરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ્ ।
સદ્યઃ ફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥૩॥
અસ્ય શ્રી જનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશત-
નામસ્તોત્રમંત્રસ્ય શતાનંદ ઋષિઃ । અનુષ્ટુપ્ છન્દઃ
ધર્મનન્દનઃ શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્ ।
બૃહદ્વ્રતધર ઈતિ શક્તિઃ । ભક્તિનંદન ઈતિ કીલ્કમ્ ।
ચતુર્વર્ગસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ ।

॥ અથ ધ્યાનમ્ ॥

વર્ણિવેષરમણીયદર્શનં મંદહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ।૪
શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥૫॥
હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનંદનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥૬॥
મરુત્સુતપ્રિયઃ કાલીભૈરવાદ્યતિભીષણઃ ।



જિતેન્દ્રિયો જિતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥
યોગેશ્વરો યોગકલાપ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૈર્થિકાર્ચિતઃ ॥૮॥
ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃ પ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃ સ્વતંત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥
પાષણ્ડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિનિર્દોષોસુરગુર્વાદિમોહનઃ ॥૧૦॥
અતિકારુણ્યનયનઃ ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥૧૧॥
અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃસમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરૂપો નિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસંપોષકો વાગ્મિ ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાતિપાવનઃ ।
અબુદ્ધિહૃદ્ બ્રહ્મધામદર્શકશ્ચાપરાજીતઃ ॥૧૫॥



આસમુદ્રાન્તસત્કીર્તિ શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનંદઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥
કંદર્પદર્પદલનો વૈષ્ણવક્રતુકારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિસ્પૃહઃ સત્યપ્રતિજ્ઞો ભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥
નિરહંકૃતિરદ્રોહ ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમસ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥૧૯॥
અજાતવૈરી નિર્લોભો મહાપુરુષઃ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥
મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥
સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રૂપનાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥
ઈત્યેતત્પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તેન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥૨૩॥
યઃ પઠેચ્છૃણુયાદ્ભક્ત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વા ।



એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥૨૪॥
એતત્સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ॥૨૫॥
ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥
દશાવૃત્યા પ્રતિદિનમસ્યાભિષ્ટં સુખં ભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥૨૮॥

ઈતિશ્રીશતાનંદમુનિવિરચિતં શ્રીજનમંગલાખ્યં
શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સંપૂર્ણમ્ ॥

## શ્રીજનમંગલ નામાવલી

૧. ૐ શ્રી શ્રીકૃષ્ણાય નમઃ
૨. ૐ શ્રી શ્રીવાસુદેવાય નમઃ
૩. ૐ શ્રી નરનારાયણાય નમઃ
૪. ૐ શ્રી પ્રભવે નમઃ

૫૩

૫. ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ
૬. ૐ શ્રી અજન્મને નમઃ
૭. ૐ શ્રી કૃષ્ણાય નમઃ
૮. ૐ શ્રી નારાયણાય નમઃ
૯. ૐ શ્રી હરયે નમઃ
૧૦. ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ
૧૧. ૐ શ્રી ઘનશ્યામાય નમઃ
૧૨. ૐ શ્રી ધાર્મિકાય નમઃ
૧૩. ૐ શ્રી ભક્તિનંદનાય નમઃ
૧૪. ૐ શ્રી બૃહદ્વ્રતધરાય નમઃ
૧૫. ૐ શ્રી શુદ્ધાય નમઃ
૧૬. ૐ શ્રી રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ
૧૭. ૐ શ્રી મરુત્સુતપ્રિયાય નમઃ
૧૮. ૐ શ્રી કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ
૧૯. ૐ શ્રી જીતેન્દ્રિયાય નમઃ
૨૦. ૐ શ્રી જીતાહારાય નમઃ

૫૪

૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ
૨૨. ૐ શ્રી આસ્તિકાય નમઃ
૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમઃ
૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ
૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ
૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમઃ
૨૭. ૐ શ્રી પરમહંસાય નમઃ
૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમઃ
૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ
૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ
૩૧. ૐ શ્રી સદોન્નિદ્રાય નમઃ
૩૨. ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ
૩૩. ૐ શ્રી તપઃપ્રિયાય નમઃ
૩૪. ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ
૩૫. ૐ શ્રી સ્વતંત્રાય નમઃ
૩૬. ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ

૫૫

૩૭. ૐ શ્રી પાખંડોચ્છેદનપટવે નમઃ
૩૮. ૐ શ્રી સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ
૩૯. ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ
૪૦. ૐ શ્રી નિર્દોષાય નમઃ
૪૧. ૐ શ્રી અસુરગુર્વાદિમોહનાય નમઃ
૪૨. ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ
૪૩. ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ
૪૪. ૐ શ્રી મહાવ્રતાય નમઃ
૪૫. ૐ શ્રી સાધુશીલાય નમઃ
૪૬. ૐ શ્રી સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ
૪૭. ૐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ
૪૮. ૐ શ્રી સાકારબ્રહ્મવર્ણનાય નમઃ
૪૯. ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ
૫૦. ૐ શ્રી સ્વામિને નમઃ
૫૧. ૐ શ્રી કાલદોષનિવારકાય નમઃ
૫૨. ૐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ

૫૬

૫૩. ૐ શ્રી સદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ
૫૪. ૐ શ્રી કૃષ્ણાર્ચાસ્થાપનકરાયનમઃ
૫૫. ૐ શ્રી કૌલદ્વિષે નમઃ
૫૬. ૐ શ્રી કલિતારકાય નમઃ
૫૭. ૐ શ્રી પ્રકાશરૂપાય નમઃ
૫૮. ૐ શ્રી નિર્દંભાય નમઃ
૫૯. ૐ શ્રી સર્વજીવહિતાવહાય નમઃ
૬૦. ૐ શ્રી ભક્તિસંપોષકાય નમઃ
૬૧. ૐ શ્રી વાગ્મીને નમઃ
૬૨. ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમઃ
૬૩. ૐ શ્રી નિર્મત્સરાય નમઃ
૬૪. ૐ શ્રી ભક્તવર્મણે નમઃ
૬૫. ૐ શ્રી બુદ્ધિદાત્રે નમઃ
૬૬. ૐ શ્રી અતિપાવનાય નમઃ
૬૭. ૐ શ્રી અબુદ્ધિહૃતે નમઃ
૬૮. ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમઃ

૬૯. ૐ શ્રી અપરાજીતાય નમઃ
૭૦. ૐ શ્રી આસમુદ્રાન્તસત્કીર્તયેનમઃ
૭૧. ૐ શ્રી શ્રિતસંસૃતિમોચનાય નમઃ
૭૨. ૐ શ્રી ઉદારાય નમઃ
૭૩. ૐ શ્રી સહજાનંદાય નમઃ
૭૪. ૐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ
૭૫. ૐ શ્રી કંદર્પદર્પદલનાય નમઃ
૭૬. ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ
૭૭. ૐ શ્રી પંચાયતનસન્માનાય નમઃ
૭૮. ૐ શ્રી નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ
૭૯. ૐ શ્રી પ્રગલ્ભાય નમઃ
૮૦. ૐ શ્રી નિઃસ્પૃહાય નમઃ
૮૧. ૐ શ્રી સત્યપ્રતિજ્ઞાય નમઃ
૮૨. ૐ શ્રી ભક્તવત્સલાય નમઃ
૮૩. ૐ શ્રી અરોષણાય નમઃ
૮૪. ૐ શ્રી દીર્ઘદર્શિને નમઃ



૮૫. ૐ શ્રી ષડૂર્મિવિજયક્ષમાય નમઃ
૮૬. ૐ શ્રી નિરહંકૃતયે નમઃ
૮૭. ૐ શ્રી અદ્રોહાય નમઃ
૮૮. ૐ શ્રી ઋજવે નમઃ
૮૯. ૐ શ્રી સર્વોપકારકાય નમઃ
૯૦. ૐ શ્રી નિયામકાય નમઃ
૯૧. ૐ શ્રી ઉપશમસ્થિતયે નમઃ
૯૨. ૐ શ્રી વિનયવતે નમઃ
૯૩. ૐ શ્રી ગુરવે નમઃ
૯૪. ૐ શ્રી અજાતવૈરિણે નમઃ
૯૫. ૐ શ્રી નિર્લોભાય નમઃ
૯૬. ૐ શ્રી મહાપુરુષાય નમઃ
૯૭. ૐ શ્રી આત્મદાય નમઃ
૯૮. ૐ શ્રી અખંડિતાર્ષમર્યાદાય નમઃ
૯૯. ૐ શ્રી વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ
૧૦૦ ૐ શ્રી મનોનિગ્રહયુક્તિજ્ઞાયનમઃ



૧૦૧. ૐ શ્રી યમદૂતવિમોચકાય નમઃ
૧૦૨. ૐ શ્રી પૂર્ણકામાય નમઃ
૧૦૩. ૐ શ્રી સત્યવાદિને નમઃ
૧૦૪. ૐ શ્રી ગુણગ્રાહિણે નમઃ
૧૦૫. ૐ શ્રી ગતસ્મયાય નમઃ
૧૦૬. ૐ સદાચારપ્રિયતરાય નમઃ
૧૦૭. ૐ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ
૧૦૮ સર્વમંગલસદ્રૂપનાનાગુણવિચેષ્ટિતાય નમઃ

ઈતિ શ્રીજનમંગલ નામાવલી

સમાપ્ત

---



## શ્રીહરિકવચમ્

ભક્તિધર્માત્મજં કૃષ્ણં દ્વિજેન્દ્ર કુલભૂષણમ્ ।
સાવર્ણિગોત્રતિલકં વંદે સદ્ધર્મરક્ષકમ્ ॥૧॥

શ્રીભક્તિધર્મના પુત્ર દ્વિજકુળમાં ઉત્તમ આભૂષણરૂપ અને સાવર્ણિ ગોત્રમાં શ્રેષ્ઠ, સદ્ધર્મનું રક્ષણ કરતા શ્રીહરિકૃષ્ણ ભગવાનને હું નમસ્કાર કરું છું. ॥૧॥

મોટા યોગીઓથી પણ ન વર્તાય એવું છે આચરણ જેમનું ને સર્વસાધુગુણના ભંડાર, કામના ગર્વને નાશ કરનાર, નૈષ્ઠિકબ્રહ્મચર્ય વ્રતનું પોષણ કરનાર. ॥૨॥

શરણાગતના કષ્ટને દૂર કરનાર અને અવિનાશી, જેનો આનંદ સ્વભાવિક છે. ભક્તિધર્મના પ્રેમને વધારનારા ને નારાયણમુનિ આદિક નામોને ધારણ કરનારા એવા શ્રીસહજાનંદ સ્વામીને હું વારમવાર નમસ્કાર કરું છું. ॥૩॥

વર્ણીઓમાં શ્રેષ્ઠ,ધર્મદેવના પુત્ર એવા જે શ્રીહરિ (સ્વામિનારાયણ ભગવાન) તેમને નમસ્કાર કરીને

નિત્યાનંદમુનિ એવો જે હું તે આ હરિકવચ નામનું સ્તોત્ર રચું છું. ॥૪॥

આ હરિકવચ સ્તોત્ર માળા મંત્રના ઋષિ વ્યાસમુનિ છે. છંદ ''અનુષ્ટુપ'' છે. ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ આ મંત્રના દેવતા છે. ભક્તિધર્મને વિસ્તારનારા શ્રીહરિ આ મંત્રના ''કીલક'' (ચિત્તને સ્થિર કરવાનું એક સાધન) છે. ધર્મ રક્ષક શ્રીહરિ આ મંત્રમાં ''બીજ'' (મૂળકારણ) છે. બ્રહ્મચર્યવ્રત ધારણ કરનારા શ્રીહરિ આ મંત્રમાં ''શક્તિ'' છે. મારા સમગ્ર મનોરથની સિદ્ધિને અર્થે જપમાં ''વિનીયોગ'' ઉપયોગરૂપ છે.

### કરન્યાસ

''ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ અંગુષ્ઠાભ્યાં નમઃ ॥ ઈત્યાદિક મંત્રોથી કરન્યાસ નીચેના અનુક્રમે કરવા'' હરિકૃષ્ણ મહારાજને નમસ્કાર હો એમ બોલીને તર્જની આંગળીથી અંગુઠાનો સ્પર્શ કરવો. શ્રીભક્તિધર્મના પુત્ર (શ્રીહરિ) ને નમસ્કાર હો, એમ બોલીને અંગુઠાથી



તર્જની આંગળીનો સ્પર્શ કરવો. શ્રીહરિને નમસ્કાર હો એમ બોલીને મધ્ય આંગળીનો અંગુઠાથી સ્પર્શ કરવો. શ્રીકૃષ્ણને નમસ્કાર હો એમ બોલીને અનામિકા આંગળીનો અંગુઠાથી સ્પર્શ કરવો. શ્રી નિલકંઠને નમસ્કાર હો એમ બોલીને કનિષ્ઠિકા આંગળીઓનો સ્પર્શ કરવો. ૐ શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર હો એમ બોલીને હથેળીના પૃષ્ઠભાગનો સ્પર્શ કરવો. (અનુક્રમે, બાજુની આંગળી, વચ્ચલી, અનામિકા, છેલ્લી આ રીતે કરન્યાસો કરવા.)

(ષડઙ્ગન્યાસઃ) છ અંગોના ન્યાસો કરવા.

''ૐ શ્રીહરિકૃષ્ણાય નમો હૃદયાય નમઃ'' હરિકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરવા પૂર્વક હૃદયનો સ્પર્શ કરી નમસ્કાર કરવા, ભક્તિધર્માત્મજાય નમઃ શિરસે સ્વાહા ભક્તિધર્માત્મજ (ભક્તિધર્મના પુત્ર) ને નમસ્કાર. આ મંત્ર બોલીને મસ્તક ઉપર હાથ મુકીને ''સ્વાહા'' નો ઉચ્ચાર કરવો. ''ૐ શ્રી હરયે નમઃ'' શિખાયૈ '' વષટ્'' એવો ઉચ્ચાર કરવો.



''ૐ શ્રીકૃષ્ણાય નમઃ'' કવચાય હુમ્'' શ્રીકૃષ્ણને નમસ્કાર. આ મંત્ર બોલીને બન્ને ખભા ઉપર હાથ મુકીને ''હુમ્'' એવો ઉચ્ચાર કરવો ''ૐ શ્રી નિલકંઠાય નમઃ નેત્રાભ્યામ્ વૌષટ્'' આ મંત્રથી નિલકંઠને નમસ્કાર કરવા. આ મંત્ર બોલી બન્ને નેત્ર ઉપર હાથ મુકીને વૌષટ્ એવો ઉચ્ચાર કરવો. ''ૐ શ્રી સ્વામિનારાયણાય નમો અસ્ત્રાય ફટ્'' આ મંત્ર સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર એમ બોલીને જમણા હસ્તને મસ્તક ઉપર ફેરવી બે આંગળીથી તાળી પાળીને ''ફટ્'' એવો ઉચ્ચાર કરવો. (આ રીતે છ અંગોના ન્યાસ કરવા)

## અથ ધ્યાનમ્

પોતાની મૂર્તિમાં માનવના ચિત્તને આકર્ષણ કરનારા, ક્ષરઅક્ષર પુરુષોથી પણ ઉત્તમ. વર્ણીઓ કે ઈન્દ્રાદિક દેવોના પણ નિયંતા, ઉંચા સિંહાસન ઉપર વિરાજમાન શરણાગતને સુખ આપનારા. શ્રેષ્ઠ ભક્તજનોથી પૂજાયેલા કરુણારૂપ અમૃતના સાગર,



મહામુનિઓથી સેવાયેલાં છે ચરણ કમલ જેમનાં, મંદ મંદ હાસ્ય કરતા ને શ્રેષ્ઠ સૂક્ષ્મ વસ્ત્ર ધારણ કરી રહેલા, ધર્મપ્રિય, ધર્મદેવના પુત્ર શ્રીહરિનું હું ધ્યાન કરું છું. ૫

પવિત્ર છે શ્રવણ, કીર્તન જેમનું એવા શ્રીહરિ મારી પૂર્વ દિશામાં રક્ષા કરો. જમદૂતથી પોતાના ભક્તની રક્ષા કરનારા એવા શ્રીહરિ મારી દક્ષિણ દિશામાં રક્ષા કરો. ॥૬॥

ભક્તની સમગ્ર અસદ્વાસનાને નાશ કરનારા શ્રીહરિ મારી પશ્ચિમ દિશામાં રક્ષા કરો. તેમજ ઈચ્છારામના મોટાભાઈ મારી ઉત્તર દિશામાં રક્ષા કરો. ( આ રીતે ચારે દિશામાં મારું રક્ષણ કરો.) ॥૭॥

ભક્તજનોને સહજ આનંદ આપનારા શ્રીહરિ મારું ઈશાનકોણમાં રક્ષણ કરો. હનુમાનજી પ્રિય છે જેમને, અને હનુમાનજીને પરમ પ્રિય એવા શ્રીહરિ અગ્નિ તથા નૈઋત્ય દિશામાં મારું રક્ષણ કરો. ॥૮॥

નમસ્કાર કરનાર જનની પીડાને હરનારા શ્રીહરિ મારી વાયુકોણમાં રક્ષા કરો. અને સર્વને મંગલ

કરનારૂં છે દર્શન જેમનું એવા શ્રીહરિ ઉર્ધ્વદિશામાં મારું રક્ષણ કરો. ॥૯॥

ધર્મવાળાનો પક્ષ રાખનારા સત્પુરુષોના સુહૃદ્ (પરમમિત્ર) ધર્મપુત્ર શ્રીહરિ મારી અધોદિશા (પાતાલ) માં રક્ષા કરો. તેમજ પ્રાતઃકાળમાં મારી રક્ષા કરો. તથા સંગવ સમયમાં (સૂર્યોદય પછી છ ઘડીનો કાળ પ્રાતઃકાળ કહેવાય ત્યાર પછી છ ઘડી કાળ સંઘવ કાળ કહેવાય છે.) મારી રક્ષા કરો. ॥૧૦॥

નાસ્તિક મતનું ખંડન કરીને ઈશ્વરવાદનું પ્રતિપાદન કરનારા ને ધર્મનું સર્વરીતે પોષણ કરનારા શ્રીહરિ પૂર્વાહ્ન કાલે મારી રક્ષા કરો. તેમજ વિપ્રોના અપરાધોને સહન કરનારા કેશવ ભગવાન મધ્યાહ્ન કાલે મારી રક્ષા કરો. ॥૧૧॥

વેદ તથા તેના ધારક બ્રાહ્મણો ગોલોકાદિક ધામની નિંદા સાંભળવાથી ખેદ પામનાર (લક્ષ્મીપતિ ભગવાન) અપરાહ્ન કાળમાં મારી રક્ષા કરો. વિપ્રોના



આત્મા (વિપ્રોને વ્હાલા) અને ભક્તવત્સલ સમગ્ર દુષ્ટનાશક સાયંકાળે મારી રક્ષા કરો. ॥૧૨॥

ધર્મસર્ગનું પોષણ કરનારા સર્વાત્મા અંતર્યામી શ્રીહરિ મધ્ય રાત્રીમાં મારું રક્ષણ કરો. તથા ધર્મ છે પ્રિય જેમને તેમજ ધર્મદેવ ભક્તિ દેવીને આનંદ પમાડનારા શ્રીહરિ અપર રાત્રીમાં (પાછલી રાત્રીમાં) મારી રક્ષા કરો. ॥૧૩॥

જેમણે દુર્ગપુરમાં નિવાસ કર્યો છે એવા સ્વામિનારાયણ ભગવાન સંધ્યા સમીપકાળમાં મારું રક્ષણ કરો. મુકુન્દાનંદવર્ણીની નિષ્કપટ સેવાથી પ્રસન્ન થયોલા પ્રભુ સહજાનંદ સ્વામી મારું જળમાં રક્ષણ કરો. ॥૧૪॥

ભક્તિધર્મ તથા પ્રેમીભક્તથી પ્રતિદિન આરાધના કરાયેલા શ્રીહરિકૃષ્ણ મહારાજ સ્થલે (પૃથ્વી પર) રક્ષણ કરો. વળી સાવર્ણી ગોત્રમાં ઉત્તમ નૈષ્ઠિબ્રહ્મચારીમાં અગ્રેસર પ્રભુ આકાશમાં મારી રક્ષા



કરો. ॥૧૫॥

મોટા કિલ્લામાં, ઘોર વનમાં, અગ્નિમાં, પર્વતમાં, વૃક્ષોમાં, સંગ્રામમાં મારું રક્ષણ કરો. અને એ સિવાય પણ બીજા કોઈ સંકટમાં અને સાગરાદિકમાં મારી રક્ષા કરો. ॥૧૬॥

ભક્તજનોના કષ્ટને હરનારા હરિકૃષ્ણ પ્રભુ મારા મસ્તકની રક્ષા કરો. બાળલીલા કરીને ભક્તિ માતાને આનંદ પમાડનારા ભગવાન મારા લલાટનું રક્ષણ કરો. ધર્મને વિષે પ્રીતીવાળા પ્રભુ મારા મુખનું રક્ષણ કરો. અને ભક્તજનો જેને વ્હાલા છે એવા સ્વામિનારાયણ મારા કર્ણની રક્ષા કરો. ॥૧૭॥

નૈષ્ઠિકબ્રહ્મચારીમાં શ્રેષ્ઠ શ્રીહરિ મારી હનુ (દાઢી) નું રક્ષણ કરો. ધર્મદેવના વ્હાલા પુત્ર શ્રીહરિ મારી બન્ને ભ્રકુટિનું રક્ષણ કરો. ભક્તિધર્મના કુમાર પ્રભુ મારા નેત્રોની રક્ષા કરો. તપ એજ છે ધન જેમનું એવા પ્રભુ મારી નાસિકાનું રક્ષણ કરો. ॥૧૮॥

સિદ્ધપણાના ગર્વ વાળા પુરુષોના ગર્વનો નાશ



કરનારા હરિ મારા બન્ને હોઠની રક્ષા કરો. મોટા મુનિઓમાં પણ શ્રેષ્ઠ (સર્વોપરી જ્ઞાનના પ્રવર્તક) શ્રીહરિ મારી જીહ્વાની રક્ષા કરો. તપસ્વી હોવાથી નિલકંઠ નામ ધારણ કરતા પ્રભુ મારા દાંતનું રક્ષણ કરો. પ્રિય છે દર્શન જેમનું એવા શ્રીહરિ મારા કપોલ (ગાલ) ની રક્ષા કરો. ॥૧૯॥

હરિપ્રસાદ ધર્મદેવ તેને હર્ષના સાગરરૂપ (એટલે કે સાગરમાં પાણી અગાધ છે તેમ) ધર્મના હૃદયમાં આનંદ આપનારા પ્રભુ મારા કંઠનું રક્ષણ કરો. સ્વામી મારા બન્ને સ્કંધ (ખભા) ની રક્ષા કરો. સમગ્ર ઈન્દ્રિયોને જીતનારા મારી ભુજા (હાથ) ની રક્ષા કરો. ॥૨૦॥

સામ છે વેદ જેમનો અથવા પરમ શાંતિકારક છે વચન જેમનું એવા શ્રીહરિ મારી બન્ને કોણી, બન્ને હાથ અને આંગળીઓનું રક્ષણ કરો. રામપ્રતાપના નાનાભાઈ એવા શ્રીહરિ સર્વકાળે મારી હૃદયની રક્ષા કરો. ॥૨૧॥

યોગીઓને પણ દુશ્ચર (કઠીન) તપાદિક આચરણ

કરનારા પ્રભુ મારી બન્ને કુક્ષીનું રક્ષણ કરો. ધર્મ પત્નિ ભક્તિમાતા (અથવા શ્રદ્ધાદિક બાર અપરમાતાઓ) ના સ્તન પાન કરી મનોરથ પૂર્ણ કરનારા શ્રીહરિ ઉરસ્થલનું રક્ષણ કરો. ॥૨૨॥

કામના સમગ્ર ગર્વને હરનારા ધર્મપુત્ર શ્રીહરિ મારા ઉદરની રક્ષા કરો. સર્વના નિયંતા ને સર્વે ભક્તોના મનોરથ પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષના સમાન સમગ્ર જગતને સેવવા યોગ્ય શ્રી સ્વામિનારાયણ ભગવાન મારી નાભીની રક્ષા કરો. ॥૨૩॥

અસુરના બળથી ક્ષીણ થયેલ ઉદ્ધવ સંપ્રદાયની પૃષ્ટી કરનારા શ્રીહરિ મારી બન્ને પાર્શ્વ (બે પડખા) ની રક્ષા કરો. સત્સંગી જનોને પ્રીય અથવા સત્સંગી છે પ્રીય જેમને એવા નારાયણ મુનિ મારા પૃષ્ઠ ભાગની રક્ષા કરો. ॥૨૪॥

સમગ્ર સાધુ ગુણોના સ્થાનભૂત કલ્યાણકારી ગુણના આધાર વર્ણીરાજ પ્રભુ મારી કટીનું રક્ષણ કરો. સાધુઓને પ્રિય તથા સાધુઓ છે પ્રિય જેમને એવા



શ્રીહરિ મારા ગુહ્ય (ગુપ્ત અંગ) ની રક્ષા કરો. ભક્તજનોને વશ વર્તનારા શ્રીહરિ મારી સાથળની (ઉપલોભાગ) રક્ષા કરો. ॥૨૫॥

બ્રાહ્મણોને દેવની પેઠે પૂજતા એવા શ્રીહરિ મારા ઉરુ (સાથળનો નીચલો ભાગ) ની, ધર્મ ધારણ કરનારા પ્રભુ જાનુ (ઢીંચણ) ની રક્ષા કરો. સ્ત્રીના ગંધને પણ નહિ સહન કરનારા પ્રભુ જંઘા (સાથળનો પીઠ ભાગ) તથા ધર્મ દેવને પોતાના મનોરથ પૂર્ણ કરવા પૂર્વક આનંદ આપનારા ભગવાન મારી ઘુંટીની રક્ષા કરો. ॥૨૬॥

ભક્તિમાતાને હર્ષ પમાડનારા હરિ મારા બન્ને પાદ તથા પગની આંગળીઓની રક્ષા કરો. સર્વવ્યાપક મારા રોમની રક્ષા કરો. ॥૨૭॥

અનેક જાુદા જાુદા દેશોની અંદર રહેલા ભક્તજનોને પોતાના દર્શન આપીને આનંદ આપનારા પ્રભુ મારી સર્વ ઈન્દ્રિયોની રક્ષા કરો. ઋષિકેશ મારા પ્રાણની રક્ષા કરો. અને માધવ મારા ચિત્તની રક્ષા કરો. ૨૮



ધર્મમૂર્તિથી પાદુર્ભાવ થઈને બદ્રિકાશ્રમમાં ભક્તજનો માટે તપ કરનારા નરનારાયણ પ્રભુ મારી બુદ્ધિનું રક્ષણ કરો. બ્રહ્મધામાદિકના પતિ કેશવ મારા મનની રક્ષા કરો. વૃંદાવનને ચંદ્રમાની સમાન આનંદરૂપ પ્રકાશક અને ધર્મ છે વ્હાલો જેમને આવા શ્રીહરિ મારા આત્માની રક્ષા કરો. ॥૨૯॥

નિદ્રા જેમણે જીતી છે એવા શ્રીહરિ પ્રમાદથી અને પાપના મૂળરૂપ સર્વ શુભ કાર્યોને (કલ્યાણકારી ગુણોને) નાશ કરનારી સમગ્ર દરિદ્રની માતા (દરિદ્ર દુઃખની આધારરૂપ) નિદ્રા થકી મારી રક્ષા કરો. ॥૩૦॥

જેમનું જ્ઞાન સચ્છાસ્ત્ર પ્રમાણે છે એવા નારાયણ પ્રભુ મારી ગર્વથી રક્ષા કરો. અને યોગેશ્વર નામ ધારનારા પ્રભુ યોગમાં વિઘ્ન આવે તે થકી મારી રક્ષા કરો. મુનિઓના ઈશ્વર મારું કર્મબંધનથી રક્ષણ કરો. ॥૩૧

હમેશાં નિષ્કામી એવા શ્રીહરિ મોક્ષકાર્યોમાં વિઘ્ન કરનારા કામથી મારી રક્ષા કરો. અને વળી જીત્યો છે ક્રોધ જેમણે ને દયાના સાગર શ્રીહરિ ક્રોધરૂપી દાવાનલ



અગ્નિ (અતિ ભયંકર ક્રોધ) થી મારી રક્ષા કરો. ॥૩૨॥

લોભાદિક મહા દોષોને સ્પષ્ટ રીતે નિરુપણ કરનારા શ્રીહરિ, લોભમાં લુબ્ધ એવા માનવથી ને લોભથી મારી રક્ષા કરો. જીતેલો છે સ્વાદ જેમણે એવા પ્રભુ મહા બળવાન રસના ઈન્દ્રિય થકી મારી રક્ષા કરો. ૩૩

હમેશાં અભિમાને રહિત એવા પ્રભુ સર્વગુણોમાં દુષણરૂપ માનથી મારી રક્ષા કરો. વળી નિષ્પૃહાળા શ્રીહરિ સમસ્ત દુઃખના સાગરરૂપ સ્પૃહાથી મારી રક્ષા કરો. ॥૩૪॥

નિઃસંદેહ વાળા શ્રીહરિ મારા દેહ કે દેહસંબંધી પદાર્થમાં સંભાવના સ્નેહથી મારી રક્ષા કરો. (નિર્દંભ) કોઈ પણ મદ ગર્વથી રહિત શ્રીહરિ શ્રેષ્ઠમાર્ગને નાશ કરનારા મદરૂપી સર્પથી મારી રક્ષા કરો. ॥૩૫॥

દંભથી રહિત અને સંત મંડળ છે પ્રિય જેમને ને સંત મંડળને પ્રિય એવા પ્રભુ (દગા) થી મારી રક્ષા કરો. નિર્મત્સર દોષથી રહિત ધર્મનંદન શ્રીહરિ મારી મત્સરથી રક્ષા કરો. ॥૩૬॥

ભક્તના કષ્ટને હરનારા શ્રીહરિ ઉભો રહેલો, ચાલતો, બેઠેલો, જલ આદિક પીતો, જે જમતો એવો હું  મારી સર્વ ઠેકાણે રક્ષા કરો. અને ભક્તિધર્મને પમાડેલા છે આનંદ જેમણે અને સર્વ દુઃખનો નાશ કરનારા પ્રભુ સુતેલો હું તે મારી શય્યામાં રક્ષા કરો.૩૭

પ્રમત કે અપ્રમતથી સ્ખલીત (મતિ ભ્રહ્મ) થી માર્ગમાં પડી જતા, (ઠેસો ખાતાં) છીક ખાતાં, બગાસું ખાતાં, નિદ્રાવશ થતાં, કે આળશવશ થતાં સર્વના અંતરમાં પ્રવેશ કરીને નિયમમાં કરનારા આશ્ચર્યકારી છે દિવ્ય ચરિત્રો જેમનાં એવા ભગવાન તમે મારી ઘરની અંદર અથવા ઘરથી બહાર રહેલો અને મને દુઃખ આપવામાં ઉદ્યમી એવા શત્રુઓ થકી  મારી રક્ષા કરો. ॥૩૮-૩૯॥

પાંચ પ્રકારનો મકાર જે (વામમાર્ગીનું શાસ્ત્ર કૌલાર્ણવમાં) મદ્ય, માંસ, મત્સર, મુદ્ર, મૈથુન આ પ્રસિદ્ધ પંચ-મકાર શબ્દ વાચ્ય પાપોનું છેદન કરનારા પ્રભુ દુઃસંગથી તથા કુડાપંથી, નાસ્તિક, શક્તિપંથી,



શુષ્કજ્ઞાનીઓથી મારી રક્ષા કરો. ॥૪૦॥

જ્ઞાનને આપનારા શ્રીહરિ અજ્ઞાનથી (ને અજ્ઞાની માણસથી) મારી રક્ષા કરો. સંત મંડળમાં વાસ કરવાની રુચીવાળા ને યોગકળાને જાણવામાં શ્રેષ્ઠ પ્રભુ મારી ભગવાનની ભક્તિ કરતાં કાંઈ અપરાધ થાય તે થકી રક્ષા કરો. ॥૪૧॥

ધર્મજ્ઞાનીઓમાં વરિષ્ઠ ભગવાન, માર્ગમાં દેવાલય આદિકને નમસ્કાર ન કરવારૂપ અપરાધથી મારી રક્ષા કરો. ભક્તિધર્મથી સારી રીતે સેવાયેલા (જયારે પુલ્હાશ્રમમાં એક પગે ઉભા રહીને સૂર્યનારાયણની ઉપાસના કરતા હતા ત્યારે કૃષ શરીર જોઈએ ભક્તિધર્મ બન્નેની ભૂપાતની શંકાથી હાજર રહી સેવા કરાયેલા) ભગવાન મારી સદાચારચ્યુતિ (સદાચાર પાલન)માં કાંઈક ભંગ થયો હોય તે થકી મારી રક્ષા કરો. ॥૪૨॥

દ્વિજેન્દ્ર જે હરિપ્રસાદના કુળને આભૂષણની માફક અતિશે શોભાવનારા એવા શ્રીહરિ સત્યુગ,



ત્રેતાયુગ, દ્વાપરયુગ ને કનીષ્ઠ એવો કળીયુગ તેથી મારી રક્ષા કરો. અને ભક્તિધર્માદિકથી આરાધન કરાયેલ છે ચરણ જેમનાં એવા શ્રીહરિ જનાપવાદથી મારી રક્ષા કરો. ॥૪૩॥

ભક્તિમાતા ને ધર્મપિતાએ ભગવાનની પ્રાપ્તી માટે કરેલ જે તપ તેના ફળરૂપ એવા પ્રભુ દેહાભિમાનથી મારું રક્ષણ કરો. પોતાના પ્રતાપથી નાશ પમાડ્યા છે અસુરો જેમણે એવા ભગવાન મોહ થકી તર્ક વિતર્ક થકી મારી રક્ષા કરો. ॥૪૪॥

સુખદુઃખાદિક દ્વંદ્વથી રહિત એવા પ્રભુ (સુખ-દુઃખ, ક્ષુધા-તૃષ્ણા, જરા-મૃત્યુ) આદિ દ્વંદ્વ થકી મારી રક્ષા કરો. પદાર્થથી પૂર્ણકામ કોઈ પણ પરિગ્રહથી રહિત એવા હરિ તૃષ્ણારૂપી મહાસાગર થકી મારું રક્ષણ કરો. ॥૪૫॥

વિપ્રને મધ્યે ઉત્તમ ને મંગળ, બુધ, રાહુ, શનિ ઈત્યાદિક સર્વે ગ્રહોને ભય પમાડનારા શ્રીહરિ ગ્રહોથકી મારી રક્ષા કરો. યોગીઓમાં શ્રેષ્ઠ



સનકાદિકને વંદન કરવા યોગ્ય પ્રભુ ક્રુરદષ્ટિવાળા કેતુ આદિથી મારી રક્ષા કરો. ॥૪૬॥

ઉર્ધ્વરેતા ને નિષ્કામી જનોને વ્હાલા તેમજ નિષ્કામીજનો છે વ્હાલા જેમને એવા પ્રભુ શારીરિક-માનસિક દુઃખ આધિ-વ્યાધીથી મારું રક્ષણ કરો. ।૪૭

સર્વ શક્તિપતિ ભગવાન જેની દાઢમાં ઝેર છે એવા સર્પોથી તેમજ ભયંકર દાઢો વાળા ભૂતો આદિકથી મારી રક્ષા કરો. વળી સર્વ પાપને શાન્ત પમાડનાર પ્રભુ પાપો થકી મારું હમેશાં રક્ષણ કરો.૪૮

અહિંસાવૃત્તિનો આશ્રય કરનારા પ્રભુ હિંસક વાઘ સિંહાદિક પ્રાણીઓથી તથા ડાકીની, ભૂત, પ્રેત, યક્ષ, રાક્ષસ આદિકથી નિરંતર મારું રક્ષણ કરો. ॥૪૯॥

પુણ્ય કરનારા ભક્તોને આનંદ આપનારા ધર્મપુત્ર (શ્રી ઘનશ્યામ) એવા પ્રભુ (અધ્યાત્મિક) જે દેહના દુઃખ (અધિભૌતિક) જે ભૂતપ્રાણી માત્રથી થયેલ દુઃખ (આધિદૈવિક) દેવસંબંધી (દુષ્કાળાદિક) દુઃખ આ ત્રણ તાપથી મારું રક્ષણ કરો. તેમજ મરકી આદિક દુઃખો

ખરાબ સ્વપ્ન આદિક દુઃખોથી મારું રક્ષણ કરો. (દૈહિક અને માનસિક સમગ્ર દુઃખોથી રક્ષણ કરો. એવો ભાવાર્થ છે.) ।।૫૦।।

મદોન્મત્તતાથી પ્રવર્તાવેલ જે મતો (સંસ્થા)રૂપી વન તેને બાળવામાં દાવાનલ અગ્નિના સમાન એવા પ્રભુ કુમતિથી ખરાબ દૃષ્ટિથી કુત્સિતશાસ્ત્રોથી, દુષ્ટરાજકુલ આદિકથી મારું સર્વપ્રકારે રક્ષણ કરો. (પહેલાં વેદ શ્રુતિથી રહિત પોતપોતાની બુદ્ધિથી કલ્પીત કણાદાદિક પ્રવર્તાવેલ મતોને નાશ કરનાર એવો ભાવ છે.) ।।૫૧।।

સ્ત્રીઓમાં સુવર્ણાદિક દ્રવ્યોમાં ભક્ષ્યભોજ્યાદિક રસોમાં અતિશય આશકિત હોવા છતાં ઉપરથી ભકિત જ્ઞાનાદિકનો આડંબર બતાવનારા અને જે પાપને વિષે પ્રર્વતતા અસુરોથી હે સત્પુરુષોના પ્રિય ભગવાન ! મારી રક્ષા કરો. ।।૫૨।।

જે પરમાનવને મારનારા, પરનું ઉચ્ચાટન કરતા હોય પરને સારા માર્ગેથી પતન કરનારા હોય, પરસ્પર



દ્વેષ કરનારા અને મોહમાં પ્રવિણ ભગવાનનો ઓથ લઈને અભિચાર કર્મ કરનારા હોય કે જે વિશ્વાસઘાત દુષ્ટ કે પોતાના (સ્વામી) ગુરુ ઈત્યાદિકનો દ્રોહ કરનારા. ।।૫૩।।

એને જે શરણે આવેલને હેરાન કરતો હોય છાની રીતે પાપ કરતા આ સમગ્ર દુષ્ટ શત્રુઓનો નાશ કરીને સર્વ ભયને હરણ કરનારા પ્રભુ મારું રક્ષણ કરો. ।૫૪

અને જે (વિત્તાદિક) ક્ષેત્ર ધનાદિક હરણ કરનાર જે બંધનાદિક ભય આપનારા અનાવૃષ્ટી અતિવૃષ્ટી ધરાકંપાદિક અનેક પ્રકારની ઈતિઓ બીજા દુષ્ટ મતિ જીવો.

જે ધાડપાડુચોરો, ધન હરણ કરનારા હિંસક શત્રુઓ સાધુપુરુષોને ભય પમાડનારા, શસ્ત્રાદિકના પ્રહારથી દુઃખ આપનારા સર્વે દુષ્ટ શત્રુઓ, હે પ્રભુ ! તમારું હરિ એવું નામોચ્ચારણ કરવાથી નાશ પામી જાઓ. ।।૫૫-૫૬-૫૭।।

પરને છેતરીને દુઃખ આપવા યંત્ર-મંત્રાદિક



ક્ષુદ્રકર્મ કરનારા દુષ્ટ આશયવાળા રાજમંત્રીઓ કોઈના સારા કાર્યનો ઈર્ષ્યાથી ભ્રંસ કરનારા, પરને ઠગવામાં પ્રવીણ એવા ખળ જીવો. જે ક્રુરકર્મો કરનારા દુષ્ટ આચરણમાં પ્રિતિવાળા મારણાદિક અભિચાર કર્મ કરનારા તથા પોતાથી નબળા જીવોને મહા કલેશકારક મ્લેચ્છજીવો પાપકારક વૃષલજીવો. અને પારકા છિદ્રો ગોતવા તત્પર થયેલા તેમજ બીજા પણ જે કોઈ અમોને દુઃખ આપવા ઉદ્યમી થયેલા હોય તે સર્વે પ્રભુ તમારા હરિ એવા સુંદર નામોચ્ચારણ મંત્રથી તરતજ(ક્ષય) નાશ પામી જાઓ ।।૫૮-૫૯-૬૦।।

વાયુથી થયેલ કે પિત્તથી કે શ્લેષ્મ(કફ)થી થયેલ (વાત-પિત્ત-કફ) આ ત્રણ પ્રકારના વિકારોથી થયેલ કોઈ પણ રોગો સન્નિપાતાદિક મહા કષ્ટો કે તરીયો, એકાંતરીયો ત્રણ દિવસે આવનારા, ચાર દિવસે આવનારા, મહા જ્વરાદિક રોગો આથવા સતત પંદર દિવસ આવનારા, કે માસ પર્યંત આવનારા, છ માસ પર્યંત વર્ષ પર્યંત આવનાર દુર્નિવાર્ય મહાભંયકર જ્વરો



(તાવાદિક) મહા પીડાઓ. તેમજ દેહ, ઈન્દ્રિય, પ્રાણને થરથર કંપાવનાર શિવ સંબધી કે વિષ્ણુ સંબંધી મહારોગ એ સમગ્ર હે પ્રભુ ! તમારું સહજાનંદ એવું નામોચ્ચારણ માત્રથી નાશ પામી જાઓ. ।।૬૧-૬૨-૬૩।।

સ્વપ્નમાં થતા ઉત્પાતો કે વૃદ્ધ બાલગ્રહાદિકથી ઉપજતા મહોત્પાતો કુષ્માણ્ડ (શીવગણ) પૂતના માતૃકાદિક દુષ્ટો. દિવાચર(દિવસે ફરનારા) રાત્રીચર(રાત્રીમાં વિચરનારા) સંધ્યાદિકમાં ફરતા સર્વે ભયંકર કષ્ટો તે તમારા "નારાયણ" નામ ઉચ્ચરવાથી નાશ પામો. ।।૬૪-૬૫।।

(ઊદ્ભિજ- અંડજ- સ્વેદજ જરાયુજાદિ ચાર ખાણો) તેમાં ઊદ્ભિજ જાતિમાં વૃક્ષવેલી વગેરે, અંડજ જાતિમાં પક્ષીઓ, સાપો, વગેરે જે ઇંડાથી થતાં, સ્વદેજ જાતિમાં માંકડ, ચાંચડ, મચ્છર વગેરે પરસેવાના બિંદુથી થતા તે, તથા જરાયુજ જાતિમાં માનવ પશુ વગેરે કે જે જેને બાલ, યુવા વૃદ્ધાવસ્થા થતી હોય તે સંબંધી

કોઇ પણ સંધ્યામાં,દિવસમાં, રાત્રીમાં અમોને કષ્ટ આપવા ઇચ્છતા હોય તે સર્વે ''સ્વામિનારાયણ'' (સમગ્ર સ્વામીઓના પણ પતિ સર્વ નિયંતા) શ્રીહરિના નામગ્રહણ માત્રથી નાશ પામી છે ગતી અને નાશ પામ્યું છે પુરુષત્વ જેમનું તે સર્વે ભય પામીને નાશી જાઓ. ॥૬૬-૬૭॥

આ શરીરમાં તથા બહાર (ઉપર કહ્યા મુજબ સ્થાન) કહેવામાં ન આવ્યું હોય તે તે સ્થાનમાં પણ દેવોના પણ દેવ, સર્વ નિયંતા ભક્તિધર્મના પુત્ર શ્રીહરિ મારું રક્ષણ કરો. ॥૬૮॥

હરિકવચથી વિંટાયેલું અને વજ્રથી પણ કઠોર એવું આ શરીર ભયરહિત ને સોયે સો પીડાથી મુક્ત થઇ શ્રેષ્ઠ ગતિને પામો. ॥૬૯॥

સમગ્ર ઇશના ઇશ એવા પ્રભુ શ્રીહરિનું દિવ્ય અને કોઇથી ભેદાય નહીં એવું(નામ સ્મરણરૂપી) કવચ બાંધીને દિવસ તથા રાત્રીએ હું નિર્ભયપણે વિચરણ કરું છુ. ॥૭૦॥



''આ હરિકવચ કેવું છે'' ? તો સમગ્ર આધિ-વ્યાધિના દુઃખોને વિનાશ કરનારું, સર્વપાપોને શાંત કરનારું ને પરમ અદ્ભૂત છે. ॥૭૧॥

વળી સર્વ અનિષ્ટોની શાંતિ કરનારું સર્વ ભયને નાશ કરનારું મનુષ્યોને (અંતઃશત્રુ, બહારના શત્રુથી) વિજયને આપનારું છે અને ભુક્તિ (આ લોકના ધનાદિક વૈભવો) મુક્તિ (આત્યંતિક મોક્ષ) આપનારું છે. મટે આ કવચ સાચવવા યોગ્ય છે. ॥૭૨॥

(આ હરિકવચ કોને ન આપવું?) આ કવચ ખળ, દંભી ધર્મમર્યાદાને તોડનાર, આસુરી સંપદાએ યુક્ત તથા નાસ્તિક આવા જીવોને આ કવચ ન આપવું. (કારણ કે તેવા જીવોને મહિમા, શ્રદ્ધા ન હોય માટે અપમાન કરે) ॥૭૩॥

વિષય લોલુપ (આસક્ત) હોય, ભક્તોનો દ્રોહ કરનાર હોય, શુષ્કજ્ઞાની જે ભગવાનની ભક્તિ વિના જ્ઞાનવાદમાં પ્રીતિવાન હોય કે ભગવાનની, શાસ્ત્રોની, ભક્તિની નિંદા કરનાર હોય તેને આ કવચ ક્યારે પણ



ન આપવું. ॥૭૪॥

( આ હરિકવચ કોને આપવું તો )જે શ્રદ્ધાવાન હોય, ભક્ત હોય, આસ્તિક હોય, બીજાના ગુણોમાં દોષારોપણ ન કરતો હોય, કોઇ પણ મત્સરથી રહિત હોય, ભગવાન કે ભગવાનના ભક્તને વિષે પ્રિતિવાન હોય તેને આ હરિકવચ આપવું. ॥૭૫॥

''આ હરિકવચ કેવું છે તો'' આ હરિકવચને લખીને પોતાના કંઠમાં ધારે અથવા જમણી બાહુમાં ધારણ કરે તો માનવનો ડગલે ને પગલે વિજય જ થાય. ॥૭૬॥

વળી આ હરિકવચને ભક્તિ પૂર્વક સાંભળે અથવા ભક્તજનોને સંભળાવે તો તે (વક્તા અને શ્રોતા) એ બન્નેને હરિકૃષ્ણ ભગવાનના અનુગ્રહથી (પ્રસન્નતાથી) કોઇ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી. (જે કોઇની ઇચ્છા કરે તે તરત પ્રાપ્ત થાય) ॥૭૭॥

આ હરિકવચના પ્રતાપથી ધર્મ સર્ગ જે, શમ, દમ, ક્ષમા, સંતોષાદિક દઢ મુક્તિ આપનાર મતિ થાય



છે. અધર્મવંશ જે કામ, ક્રોધાદિકને તથા મનુષ્યોના કલ્યાણમાં વિઘ્નકારક કોઇ પણ આડંબરને જીતે છે. ॥૭૮॥

વળી આ હરિકવચના પ્રભાવથી આ લોકમાં ભુક્તિ મનગમતા ધનાદિક ભોગ અને બ્રહ્મરૂપ એવી મુક્તિ એકાન્તિક ભક્તિ, અને દેહને અંતે ભગવાનનું અવિનાશી પ્રકાશમાન ગોલોક ધામને પામે.॥૭૯॥

આ કવચના દશ હજાર પાઠ કરવાથી ભૂત, પ્રેત, પિશાચ, ડાકીની બ્રહ્મરાક્ષસ, યોગીની, યાતુધાની, વૃદ્ધગ્રહ, બાલગ્રહ તથા શત્રુઓએ કરેલ મલિન દેવતાના મંત્રથી અભિચાર કર્મો તથા અનેક પ્રકારના રોગો અનેક ઉપદ્રવો આ સર્વે (હરિકવચના પાઠો કરવાથી) તરત નાશ પામી જાય આમાં કોઇ સંશય નથી. ॥૮૦-૮૧॥

દિવસે દિવસે (દરરોજ) આ હરિકવચનો પાંચ વખત પાઠ કરે તો મનુષ્યોને ઇચ્છીત ફળ આપનારું થાય છે. માટે ગૃહસ્થોએ અને ત્યાગીઓએ પ્રયત્ન

પૂર્વક આ હરિકવચનો પાઠ કરવો. ॥૮૨॥

આ કવચ સમગ્ર કવચો મધ્યે શ્રેષ્ઠ છે. પરમ પવિત્ર છે. અને શસ્ત્ર અશસ્ત્રથી પણ અભેદ્ય છે. સકલ માનવ સમૂહોમાં રહેલ જન્મ મરણનો ભય હરણ કરનાર છે માટે આ હરિકવચ શ્રેયની ઈચ્છા વાળા મનુષ્યોએ નિરંતર ગાવા યોગ્ય છે. અને હૃદયમાં ધારવા યોગ્ય છે. ॥૮૩॥

ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિત્યાનંદમુનિકૃત હરિકવચનો ગુજરાતી અનુવાદ સમાપ્ત.

## -: ફગવા :-

મહાબળવંત માયા તમારી,
જેણે આવરીયાં નરનારી ।
એવું વરદાન દિજીયે આપે,
એહ માયા અમને ન વ્યાપે ॥૨૨॥
વળી તમારે વિષે જીવન,
નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન ।



જેજે લીળા કરો તમે લાલ,
તેને સમઝુ અલૌકિક ખ્યાલ ॥૨૩॥
સતસંગી જે તમારા કહાવે,
તેનો કેદી અભાવ ન આવે ।
દેશ કાળ ને ક્રિયાએ કરી,
કેદિ તમને ન ભુલીયે હરિ ॥૨૪॥
કામ ક્રોધ ને લોભ કુમતિ,
મોહ વ્યાપીને ન ફરે મતિ ।
તમને ભજતાં આડું જે પડે,
માગીયે એ અમને ન નડે ॥૨૫॥
એટલું માગીયે છૈયે અમે,
દેજ્યો દયા કરી હરિ તમે ।
વળી ન માગીએ અમે જેહ,
તમે સુણી લેજ્યો હરિ તેહ ॥૨૬॥
કેદિ દેશો માં દેહાભિમાન,
જેણે કરી વિસરો ભગવાન ।



કેદિ કુસંગનો સંગ મ દેજ્યો,
અધર્મ થકી ઉગારી લેજ્યો ॥૨૭॥
કેદિ દેશોમાં સંસારી સુખ,
દેશો માં પ્રભુ વાસ વિમુખ ।
દેશો માં પ્રભુ જક્ત મોટાઇ,
મદ મત્સર ઈરષા કાંઇ ॥૨૮॥
દેશો માં દેહ સુખ સંયોગ,
દેશો માં હરિજનનો વિયોગ ।
દેશો માં હરિજનનો અભાવ,
દેશો માં અહંકારી સ્વભાવ ॥૨૯॥
દેશો માં સંગ નાસ્તિકનો રાય,
મેલી તમને જે કર્મને ગાય ।
એ આદિ નથી માગતા અમે,
દેશો માં દયા કરીને તમે ॥૩૦॥
પછી બોલિયા શ્યામસુંદર,
જાઓ આપ્યો તમને એ વર ।



મારી માયામાં નહિ મુંઝાઓ,
દેહાદિકમાં નહિ બંધાઓ ॥૩૧॥
મારી ક્રિયામાં નહિ આવે દોષ,
મને સમઝશો સદા અદોષ ।
એમ કહ્યું થઈ રળિયાત,
સહુએ સત્ય કરી માની વાત ॥૩૨॥
દીધા દાસને ફગવા એવા,
બીજું કોણ સમર્થ એવું દેવા ।
એમ રમ્યા રંગભર હોળી,
હરિસાથે હરિજન ટોળી ॥૩૩॥

# ॥ સમાપ્તમ્ ॥